# તાવ તાવતાવ - ઊંચું તાપમાન

*આ સલાહ પત્રક તમારે ક્યારે ચિંતા કરવી જોઇએ અને ક્યાંથી મદદ મેળવવી તે અંગેની માહિતી આપે છે.*

| | | |
|---|---|---|
| **લાલ** | **જો તમારું બાળક નીચેની બાબતોમાંથી કોઇ પણ ધરાવતું હોય:**<br>• ફિક્કા પડી જાય, ધબ્બા પડી જાય અને અડવાથી અસાધારણ રીતે ઠંડા લાગે<br>• હોઠ ભૂરા હોય<br>• શ્વાસ લેવામાં ગંભીર મુશ્કેલી - વાત કરવા, ખાવા/પીવા માટે હાંફવું<br>• વાઇ/ આંચકી આવે<br>• અતિશય ઉશ્કેરાઇ જાય (ધ્યાન બીજે દોરવા છતાં આશ્વાસન ન આપી શકાય તે રીતે રડે), ગૂંચવાઈ જાય અથવા ખૂબ સુસ્ત બની જાય (જગાડવા મુશ્કેલ બની જાય)<br>• એવી ફોલ્લીઓ થાય કે જે દબાવવાથી દૂર થાય નહિ ('**ગ્લાસ ટેસ્ટ**')<br>• 38° સે / 100.4° ફે અથવા તેથી વધુ તાપમાન સાથે 3 મહિનાથી ઓછી ઉંમર ધરાવતા હોય (સિવાય કે રસીકરણ પછી 48 કલાક સુધી તાવ આવતો હોય અને અન્ય કોઇ લાલ કે પીળી વિશેષતાઓ ન હોય) | **તમારે તાત્કાલિક મદદની જરૂર છે.**<br><br>સૌથી નજીકના હોસ્પિટલ **ઈમરજન્સી (A&E) ડિપાર્ટમેન્ટ** પર જાવ અથવા 999 પર ફોન કરો |


© Institute of Health Visiting 2022

પીળો

**જો તમારું બાળક નીચેનામાંથી કોઈ પણ વિશેષતા ધરાવતું હોય:**

- શ્વાસ લેવામાં મહેનત પડતી હોય
- શરીરમાં પાણી ઓછું થઇ જતું લાગે (આંખો ઊંડી ઉતરી જવી, સુસ્ત હોવું અથવા 12 કલાક સુધી પેશાબ ન થવો)
- ઘેન (વધુ પડતી ઊંઘ આવવી) માં અથવા ચીડિયા (તેમને રમકડાંથી, ટીવીથી, ખાવાનું આપીને કે તેડીને શાંત ન પાડી શકાતા હોય) રહેતા હોય – ખાસ કરીને તેમનો તાવ ઓછો થઇ જવા છતાં તેઓ ઘેનમાં કે ચીડિયા રહેતા હોય
- અતિશય ધ્રૂજારી આવતી હોય અથવા સ્નાયુમાં દુખાવાની ફરિયાદ હોય
- હાથ-પગ અથવા સાંધામાં સોજો
- તમારા બાળક માટે ઊભું રહેવું ખૂબ પીડાદાયક હોય
- આંખો સૂજી ગઇ હોય
- ગંભીર દુખાવાની ફરિયાદ જેમાં પેઇનકિલર્સથી સુધારો ન થતો હોય
- 39° સે / 102.2° ફે અથવા તેથી વધુ તાપમાન સાથે 3-6 મહિનાની ઉંમરના હોય (પરંતુ રસીકરણ મેળવે પછી 2 દિવસ સુધી બાળકોમાં તાવ આવવો સામાન્ય છે)
- 5 થી વધુ દિવસ સુધી 38.0° સે અથવા તેનાથી વધુ તાવ આવવાનો ચાલુ રહે
- સ્થિતિ વધુ બગડતી જાય અથવા જો તમને ચિંતા થતી હોય

**તમારા GP નો સંપર્ક કરો અને તમારા બાળકને બતાવવા માટે તાકીદે અપોઈન્ટમેન્ટ લો.**

કૃપા કરીને તમારા GP સર્જરીને ફોન કરો અથવા NHS 111 પર કૉલ કરો - 111 ડાયલ કરો

અમે જાણીએ છીએ કે વર્તમાન કોવિડ-19 ની કટોકટી દરમિયાન પરાકાષ્ઠાના સમયે સ્વાસ્થ્ય સંભાળ વ્યવસાયિકને મળવામાં વાર લાગી શકે છે. જો લક્ષણો 4 કલાક કે તેથી વધુ સમય સુધી ચાલુ રહે અને તમે

તમારા GP પ્રેક્ટિસના સ્ટાફના સભ્ય કે NHS 111 સ્ટાફ સાથે વાત ન કરી શક્યા હો, તો ફરીથી તપાસ કરો કે તમારા બાળકે લાલ વિશેષતાઓ ન વિકસાવી હોય.



© Institute of Health Visiting 2022

**લીલું**

| | |
|---|---|
| **જો ઉપરની વિશેષતાઓમાંથી કોઈ પણ ન હોય**<br>જો તમારું બાળક તેમના તાવ સાથે સંકળાયેલા અન્ય કોઇ લક્ષણો ધરાવતું હોય, જેવા કે **ગળું બેસી જવું**, **ઉધરસ**, **કાનમાં દુખાવો**, **ઝાડા** અને **ઊલટી** થવી અથવા **પેટમાં દુખાવો**, તો કઇ ચોક્કસ વસ્તુઓ જોવી તેના વિશેની માહિતી માટે જુઓ - અહીં ક્લિક કરો<br><br>સ્વસ્થ બાળકો રડતા હોય તેના સમાધાન માટે પરિવારો માટે વધારાની સલાહ પણ ઉપલબ્ધ છે - અહીં ક્લિક કરો. | **સ્વ-સંભાળ**<br>તમારા બાળકની ઘર પર સંભાળ લેવાનું ચાલુ રાખો. જો તમને હજુ પણ તમારા બાળક વિશે ચિંતા હોય તો NHS 111 પર કૉલ કરો – 111 ડાયલ કરો<br><br>જો તમારું બાળક **કોવિડ-19 હોવાનું સૂચવતા કોઈ પણ લક્ષણો ધરાવતું હોય;** (ઊંચું તાપમાન; નવી સતત ઉધરસ – ખૂબ ઉધરસ આવવી, એક કલાકથી વધુ અથવા 24 કલાકમાં 3 કે તેથી વધુ ઉધરસની ઘટનાઓ; અથવા સ્વાદ/ ગંધ જતા રહેવા) તો **NHS ટેસ્ટીંગ વેબસાઇટ** અથવા 119 પર કૉલ કરીને તમારા બાળકનું પરીક્ષણ કરાવવા માટેની વ્યવસ્થા કરો. |

Translated by: Newham Language Shop
Peer reviewed date:
Request:


© Institute of Health Visiting 2022